# ૫. દિવાળી

**અનિલ ચાવડા**

કવિનો જન્મ ઇ.સ. ૧૯૮૫ના ૧૦મી મેએ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ગામમાં થયો છે. વ્યવસાયે કવિ, લેખક અને કટારલેખક છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ., બી.એડ. થયેલા અનિલભાઈએ ખૂબજ નાની ઉંમરમાં સાહિત્ય ક્ષેત્રે ઘણી મોટી સિદ્ધિ મેળવી છે.

તેમનો પ્રથમ ગઝલસંગ્રહ 'સવાર લઈને' ૨૦૧૨માં પ્રકાશિત થયો. અન્ય પ્રકાશિત પુસ્તકોમાં ટૂંકી વાર્તાનો સંગ્રહ 'એક હતી વાર્તા', નિબંધસંગ્રહ 'જીવન અને ચિંતન' છે. આ ઉપરાંત તેમણે સંપાદિત પુસ્તકો પણ આપ્યાં છે.

સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી 'યુવા પુરસ્કાર', 'શયદા એવૉર્ડ', આઈ.એન.ટી. મુંબઈ તરફથી 'યુવા ગૌરવ પુરસ્કાર', 'રાવજી પટેલ એવૉર્ડ' વગેરે સન્માન તેમને પ્રાપ્ત થયા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કાવ્યમાં દિવાળીમાં પ્રગટાવેલા દીવાની જેમ સ્વયંને પ્રકાશિત કરવાની એટલે કે આપણા આંતરિક ઉજાસને ઓળખીને પોતાની જાતને - સ્વયંને ઓળખવાની વાત કવિ કરે છે.

ઉદાસીઓના ફટાકડાઓ ફોડીને અર્થાત્ ઉદાસી દૂર કરીને ચહેરા ઉપર ફૂલઝડી જેવું સ્મિત એટલે કે આનંદ ફેલાવવાનો છે. કોઈની પાસેથી કોઈપણ અપેક્ષાઓ રાખ્યા વગર બસ નિઃસ્વાર્થ સ્નેહ દર્શાવી પોતાની જાતને ઉજાગર કરવાની છે.

દરેકના હૃદયમાં રહેલા ચમકતા હીરાને શોધવા માટે અંતરને ઢંઢોળવું પડે છે. ત્યારે જ આપણને ખુદનો પરિચય થાય છે. જો હૃદયમાં ઉજાસ અને અજવાળું જ ભરેલું છે તો પછી આપણે શા માટે ન ઝળહળીએ? આવી રીતે આખું વર્ષ દિવાળીના દીવડાની જેમ આપણે સ્વયંને પ્રગટાવી શકીએ. સાચે જ દિવાળીની શુભેચ્છા આપવાની કવિની આ રીત નોખી, અનોખી અને અદ્ભુત છે.

લ્યો આવી ગઈ દિવાળી દર વર્ષે આવે તેમ,
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
ઉદાસીઓના ફટાકડાઓ
ઝટપટ ફોડી દઈને,
ચહેરા ઉપર ફૂલઝડી સમ
ઝરતું સ્મિત લઈને;

કોઈ પણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ...
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો
ચલો શોધીએ ભીતર જઈને
ખુદની તેજ - લકીરો,
ભીતર ભર્યું જ છે અજવાળું ના ઝળહળીએ કેમ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.

### માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કવિતાના અધ્યાપનની શરૂઆતમાં 'આપણા તહેવારો' અને 'તહેવારોનું જીવનમાં મહત્ત્વ' વિશે સમૂહચર્ચા કરાવી શકાય.

દિવાળી, દીપોત્સવી, દિપાવલીના પાંચેય દિવસોનાં નામ, તહેવારોનું મહત્ત્વ અને તેની પાછળની કથા વિષયક પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવી શકાય અને તેઓ ન જાણતા હોય તે વિષયક માહિતી આપી શકાય.

અહીં કવિએ દિવાળીને જે નોખી-અનોખી રીતે ઉજવવાની વાત કરી છે તેને સમજાવવા વિદ્યાર્થીઓના હૃદયમાં રહેલા આંતરિક ઉજાસને ઓળખવા માટે પ્રેરણા આપી શકાય.

કોઈપણ જાતની અપેક્ષાઓ રાખ્યા વગર દરેકને નિ:સ્વાર્થ પ્રેમ કરતા રહેવા માટે વિદ્યાર્થીઓને સંતોનાં ઉદાહરણો દ્વારા પ્રેરિત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧.** નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :

| | | | |
|---|---|---|---|
| (૧) દીપાવલી | (૨) દીપક | (૩) ફૂલઝર | (૪) ગમગીન |
| (૫) મોં | (૬) હાસ્ય | (૭) અંદર | (૮) દારુખાનું |

**સ. ૨.** યોગ્ય રીતે જોડો :

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| (૧) પ્રેમ | (અ) રુદન |
| (૨) તેજ | (આ) બહાર |
| (૩) સ્મિત | (ઇ) અંધારું |
| (૪) ભીતર | (ઈ) નિસ્તેજ |
| (૫) અજવાળું | (ઉ) ઘૃણા |

**સ. ૩. આડાઅવળા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

| | | | |
|---|---|---|---|
| ડાં / ફ / ક / ટા | લ / ડી / ફૂ / ઝ | ળી / ઝ / હ / એ / ળ | વી / ગ / એ / ટા / પ્ર |
| _____________ | _____________ | _____________ | _____________ |

**સ. ૪. 'શુભકામના' શબ્દના અક્ષરોથી તૈયાર થતા બે, ત્રણ અક્ષરવાળા ૪ શબ્દો બનાવો :**

[ ] , [ ] , [ ] , [ ]

**સ. ૫. નીચેના શબ્દોને વર્ણાક્ષરના ક્રમ પ્રમાણે ગોઠવો :**

(૧) દિવાળી, ઉદાસી, ફટાકડાં, ઝટપટ, ચહેરો, સ્મિત

--------, --------, --------, --------, --------, --------

(૨) દીવો, અજવાળું, ભીતર, લકીર, હીરો, પ્રેમ

--------, --------, --------, --------, --------, --------

**સ. ૬. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી સ્થાને લખો :**

(૧) ચહેરા પરના હાસ્યને _____________ સાથે સરખાવ્યું છે.

(અ) ગુલાબ (આ) ફૂલઝડી (ઇ) ચાંદની

(૨) દરેકના હૃદયમાં એક ચમકતો _____________ હોય છે.

(અ) હીરો (આ) દીવો (ઇ) કાચ

(૩) કવિ અહીં _____________ ફટાકડાં ફોડવાની વાત કરે છે.

(અ) સ્મિતના (આ) દિવાળીના (ઇ) ઉદાસીઓના

**સ. ૭. ખાલી જગ્યામાં કવિતાનો યોગ્ય શબ્દ મૂકો :**

(૧) આ વખતે તો _____________ પ્રગટીએ ચલો દીવાની જેમ.

(૨) કોઈપણ કારણ વિના જ કરીએ _____________ પ્રેમ.

(૩) ભીતર ભર્યું જ છે _____________ ના ઝળહળીએ કેમ?

(૪) ચલો શોધીએ ભીતર જઈને _____________ તેજ લકીરો.

**સ. ૮. નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) આ દિવાળીમાં આપણે પોતે જ દીવાની જેમ પ્રગટવાનું નક્કી કરીએ.


(૨) ઉદાસીઓના ફટાકડા ફોડીને આપણે ચહેરા ઉપર ફૂલઝડી જેવું સ્મિત ફેલાવવાનું છે.

(૩) કોઈપણ અપેક્ષા રાખ્યા વગર આપણે એકબીજાને નિઃસ્વાર્થ પ્રેમ કરવો જોઈએ.

સ. ૯. લખો :

(૧) કાવ્યમાં વારંવાર આવતી પંક્તિ ______________________________________

(૨) તહેવારના નામ લખો :




સ. ૧૦. આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો :

સ. ૧૧. વચન બદલો :

(૧) વર્ષ
(૨) ફટાકડાં
(૩) દીવો
(૪) હીરો
(૫) લકીર

સ. ૧૨. કવિતાને આધારે યોગ્ય વિશેષણ લખો :

(૧) સ્મિત (૨) હીરો (૩) દિવાળી (૪) દીવો

★ વિદ્યાર્થીઓના બે જૂથ પાડી નીચેના વિષય પર સમૂહચર્ચા કરો :

(૧) શ્રાવણ માસના તહેવારો (૨) આસો મહિનાના તહેવારો

## પ્રકલ્પ

★ ફટાકડાં ફોડતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો માટે એક ભીંતપત્રક બનાવો. તે બુલેટીનમાં લગાડો.

## વિશેષ વાંચન

### બંદર છો દૂર છે !

અલ્લા બેલી, અલ્લા બેલી,
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે.
બંદર છો દૂર છે !
ફંગોળે તોફાની તીખાતા વાયરા,
મૂંઝાયે અંતરના હોયે જે કાયરા;
તારા હૈયામાં જો સાચી સબૂર છે !
છો ને એ દૂર છે !
આકાશી નૌકાને વીજ દેતી કાટકા,
તારી નૌકાનેયે દેતી એ ઝાટકા;
મધદરિયો મસ્તીમાં છો ને ચકચૂર છે
બંદર છો દૂર છે !
આંખોના દીવા બુઝાવે આ રાતડી
ધડકે ને થડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો શૂર છે !
છો ને એ દૂર છે !
અલ્લા બેલી, અલ્લા બેલી;
જાવું જરૂર છે,
બંદર છો દૂર છે !
બેલી તારો, બેલી તારો,
બેલી તારો તું જ છે.
બંદર છો દૂર છે !

– સુંદરજી બેટાઈ

સારા વિચારો રાખવા તે જ આંતરિક સૌંદર્ય છે.

7E88E4